રા.મ્યુ.કો./ટી.પી./ઈ.ઝો./જા.નં. : ૬૧૦ તા.૧૫/૦૭/૨૦૨૬

**વિષય : તા.૨૦/૦૭/૨૦૨૬ના જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ**

**સભ્યશ્રીનું નામ: શ્રી જયરાજસિંહ ગજુભા જાડેજા** **વોર્ડ નં.૦૧**

| પ્રશ્ન ક્રમ | પેટા પ્રશ્ન નં. | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૧૭ | ૧ | ટી.પી.એક્ટ મુજબ કલમ ૨૬૦(૧) અને ૨૬૦(૨) હેઠળ ગેરકાયદે બાંધકામ અંગેની જોગવાઈઓ, કાર્યવાહી કરવાની સમય મર્યાદા તથા સમયમર્યાદામાં કાર્યવાહી ન થાય તો સબંધિત અ ધિકારીઓની જવાબદારી અંગેની વિગતો આપવામાં આવે. છેલ્લા પાંચ (૫) વર્ષ દરમિયાન કલમ-૨૬૦(૧) અને ૨૬૦(૨) હેઠળ આપવામાં આવેલી નોટિસોની વિગતો, જેમાં રજૂઆત માન્ય રાખી કાર્યવાહી ન કરાયેલા કેસો, ફરિયાદ પરત ખેચાતા કાર્યવાહી ન કરાયેલા કેસો તથા કોર્ટમાં પડતર કેસોની વિગતો આપવામાં આવે. જેમાં કાર્યવાહી થઇ હોય તેમ કરવામાં આવેલી કાર્યવાહી, ગેરકાયદે બાંધકામનું ક્ષેત્રફળની વિગતો આપવામાં આવે. કાર્યવાહી ન થયેલા કેસોમાં જવાબદાર અધિકારી/કર્મચારીઓ સામે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા લેવાયેલા પગલાની વિગતો આપવામાં આવે. | ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯માં ગેરકાયદેસર બાંધકામ બાબતે કલમ ૨૬૦(૧) તથા કલમ ૨૬૭ અને ૨૬૦(૨) હેઠળ જોગવાઈઓ કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.<br><br>**કલમ ૨૬૦ : નિયમો અથવા પેટા-કાયદા વિરુદ્ધ શરૂ કરેલી ઈમારત અથવા કામના સંબંધમાં કાર્યવાહી ચલાવવા બાબત.**<br><br>(૧) કોઈપણ ઈમારતનું બાંધકામ અથવા કલમ-૨૫૪ માં વર્ણવ્યા પ્રમાણેનું કોઈપણ કામ નિયમો અથવા પેટા-કાયદાની જોગવાઈઓ વિરુદ્ધ શરૂ કરવામાં આવે અથવા કરવામાં આવે તો તેવી ઈમારત અથવા કામના સંબંધમાં કલમ-૨૬૪ મુજબ કાર્યવાહી ચલાવવાનું કમિશ્નર જરૂરી ગણે તે સિવાય કમિશ્નરે –<br><br>(એ) જે વ્યક્તિ તેવી ઈમારત બાંધતી હોય અથવા તેવું કામ કરતી હોય અથવા જેણે તેવી ઈમારત બાંધી હોય અથવા તેવું કામ કર્યું હોય, તે વ્યક્તિને લેખિત નોટીસ આપવી અને તેવી નોટીસમાં નિર્દિષ્ટ કરવાની હોય તેવી તારીખે અથવા તારીખ પહેલા પોતે અથવા પોતે યોગ્ય રીતે અધિકૃત કરેલા એજન્ટે સહી કરેલી અને કમિશ્નરને સંબોધેલી નોટીસ લેખિત કેફિયત દ્વારા તેવી ઈમારત અથવા કામ શા માટે કાઢી ન નાખવું, તેમાં શા માટે ફેરફાર ન કરવો, અથવા તે શા માટે પાડી ન પાડી ન નાખવું તેનું પુરતું કારણ દર્શાવવાને ફરમાવવું,<br><br>અથવા<br><br>(બી) તેવી નોટીસમાં જે તારીખ વખત અને સ્થળ નિર્દિષ્ટ કર્યા હોય તે તારીખે, વખતે અને સ્થળે સદરહું વ્યક્તિને જાતે અથવા આ અર્થે તેણે યોગ્ય રીતે અધિકૃત કરેલ એજન્ટ મારફત હાજર રહેવા અને તેવી ઈમારત અથવા કામ શા માટે કાઢી ન નાખવું, તેમાં શા માટે ફેરફાર ન કરવો, અથવા તે શા માટે પાડી ન પાડી ન નાખવું તેનું પુરતું કારણ દર્શાવવાને ફરમાવવું.<br><br>(૨) તેવી ઈમારત અથવા કામ શા માટે કાઢી ન નાખવું, તેમાં શા માટે ફેરફાર ન કરવો, અથવા તે શા માટે પાડી ન પાડી ન નાખવું તેની કમિશ્નરને ખાતરી થાય તેવું પુરતું કારણ દર્શાવવાને તેવી વ્યક્તિ ચુકે તો કમિશ્નર, તે ઈમારત અથવા કામ કાઢી નાખી શકશે, તેમાં ફેરફાર કરી શકશે અથવા તે પડી નાખી શકશે અને તેનો ખર્ચ સદરહું વ્યક્તિએ આપવો પડશે. |

| | | | |
|---|---|---|---|
| | | | **કલમ ૨૬૭ : કાયદા વિરુદ્ધ કામ કરવાનું ફરમાવતી વ્યક્તિને કાઢી મુકવાનો નિર્દેશ કરવામાં કમિશ્નરની સત્તા**<br>(૧) કમિશ્નરને ખાતરી થાય કે કોઈપણ ઈમારતનું બાંધકામ અથવા કલમ-૨૫૪ માં વર્ણવ્યા પ્રમાણેનું કોઈપણ કામ કોઈપણ જગ્યા ઉપર કાયદા વિરુદ્ધ શરૂ કરવામાં આવ્યું છે અથવા ચલાવવામાં આવ્યું છે, તો તેવું બાંધકામ અથવા કામ કરવાનું ફરમાવનારી અથવા કરનારી વ્યક્તિને લેખિત નોટીસ આપીને તે તરત બંધ કરવાનું ફરમાવી શકશે.<br>(૨) તેવું બાંધકામ અથવા કામ તરત બંધ કરવામાં ન આવે તો કમિશ્નર એવો નિર્દેશ કરી શકશે કે તેવું બાંધકામ અથવા કામ કરાવનારી અથવા કરનારી કોઈપણ વ્યક્તિને કોઈપણ પોલીસ અધિકારીની મદદથી કાઢી મુકવી અને તેવી વ્યક્તિને તે જગ્યા ઉપર પોતાની પરવાનગી સિવાય પાછી દાખલ થતી અટકાવવા માટે પોતે જરૂરી ગણે તેવા પગલા લેવડાવી શકશે.<br>(૩) પેટા-કલમ (૨) મુજબ લીધેલા કોઈપણ પગલાનો ખર્ચ સદરહું વ્યક્તિએ આપવો પડશે. |
| | | | ગેરકાયદેસર બાંધકામ થવા અને તે દુર કરવા એક અવિરત અને સતત પ્રકિયા હોઈ, અત્રેની કચેરી દ્વારા ગેરકાયદેસર બાંધકામો દુર કરવા નિયમોનુસાર કાર્યવાહી તબક્કાવાર હાથ ધરવામાં આવે છે. જે અન્વયે સૌપ્રથમ ટી.પી. રોડ તથા રીઝર્વેશનમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ/દબાણ સામે નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવાને પ્રાથમિકતા આપવામાં આવે છે અને ત્યારબાદ ખાનગી મિલકતમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ બાબતે કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.<br>ઉક્ત કલમો મુજબ સમયમર્યાદા તથા કર્મચારીની જવાબદારી બાબતે કોઈ જોગવાઈ નથી. પરંતુ આ બાબતે જો કોઈ કર્મચારીનો દુર્ભાવનાપૂર્વકનો ઈરાદો જણાય તો કેસ-ટુ-કેસ અભ્યાસ કરી, ગુણદોસના આધારે નિર્ણય લઇ, કાયદાના શિસ્ત અંગેના માર્ગદશન અનુસાર નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.<br>રાજકોટ મહાનગરપાલિકા દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં કલમ ૨૬૦(૧) હેઠળ વેસ્ટ ઝોનમાં ૧૧૭૬, ઇસ્ટ ઝોનમાં ૩૪૪૦ તથા સેન્ટ્રલ ઝોનમાં ૧૩૧૨ મળી કુલ ૫૮૨૮ તેમજ કલમ ૨૬૦(૨) હેઠળ વેસ્ટ ઝોનમાં ૨૨૩, ઇસ્ટ ઝોનમાં ૧૬૫૬ તથા સેન્ટ્રલ ઝોનમાં ૧૮૭ મળી કુલ **૨૦૬૬** નોટીસો આપવામાં આવેલ છે.<br>સામાન્ય રીતે ગેરકાયદેસર બાંધકામ બાબતે સ્થળ તપાસ કરતા જો સદર બાંધકામ પ્રાથમિક દ્રષ્ટીએ ગેરકાયદેસર જણાય તો અત્રેથી કાયદાની કલમ-૨૬૦ તથા ૨૬૭ હેઠળની નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. જે અન્વયે ગેરકાયદેસર બાંધકામ કરનાર આસામીની રજૂઆત માન્ય રાખવા તેમજ ફરીયાદીની રજૂઆત પરત ખેચવાના કેસોમાં સ્થાનિકે આવેલ બાંધકામ ગેરકાયદેસર જ રહેતું હોય, તેમના વિરુધ્ધ કાર્યવાહી ન કરવા બાબતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેમજ |

| | | | |
|---|---|---|---|
| | | | ગેરકાયદેસર બાંધકામ વિરુધ્ધની કાર્યવાહી અંતર્ગત જો કોઈ દાવો દાખલ થયેલ હોય અને નામ.કોર્ટ દ્વારા મનાઈ હુકમ ફરમાવેલ હોય, તેવા કેસોમાં નામ.કોર્ટના હુકમ મુજબ અત્રેથી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. |

શાખાધિકારીની સહી ...........................................

શાખાધિકારીનું નામ:- આર.ડી.પરમાર

શાખા :- ટાઉન પ્લાનીંગ શાખા

હોદ્દો :- ટાઉન પ્લાનીંગ ઓફિસર

# રાજકોટ મહાનગર સેવાસદન

પશ્ચિમ ઝોન કચેરી

(બાંધકામ/વોટર વર્કસ/ડ્રેનેજ શાખા)

" શ્રી હરિસિંહજી ગોહિલ વિભાગીય કચેરી "

બીગ બજાર પાછળ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫.

વિષયઃ- તા.૨૦-૦૭-૨૦૨૬ નાં રોજ મળનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ.

સભ્યશ્રીનું નામઃ- શ્રી જયરાજસિંહ ગજુભા જાડેજા

વોર્ડ નંબરઃ- ૧

| પ્રશ્ન ક્રમ | પેટા પ્રશ્ન નંબર (જો હોય તો દર્શાવવો) | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૧૭ | ૨ | રાજકોટ મહાનગરપાલિકામાં ભળેલા ઘંટેશ્વર, નાગેશ્વર, અને વર્ધમાન વિસ્તારના રોડ-રસ્તા, ભુગર્ભ, પીવાના પાણી, સ્ટ્રીટ લાઇટ, વરસાદી પાણીનાં નિકાલ સહિતની પાયાની સુવિધાઓ માટે આજ-દિન સુધી શું આયોજન કરવામાં આવ્યું ? મંજુર થયેલા, ચાલુ, તથા પૂર્ણ થયેલા કામો, બાકી રહેલા કામો, મંજુર થયેલ અંદાજીત ખર્ચ, સમય મર્યાદા તથા આગામી વિકાસ આયોજનની વિસ્તારવાર સંપૂર્ણ વિગતો આપવામાં આવે. | રાજકોટ મહાનગરપાલિકામાં ભળેલા ઘંટેશ્વર, નાગેશ્વર, અને વર્ધમાન વિસ્તારમાં આજ-દિન સુધી કૂલ-૫૨ કામોનું આયોજન કરેલ હોય, જેની વિગત નીચે મુજબ છે. |

| કામનો પ્રકાર | કામની સ્થિતિ | | | રીમાર્કસ |
|---|---|---|---|---|
| | પૂર્ણ કામની સંખ્યા | પ્રગતિ હેઠળનાં કામની સંખ્યા | આયોજન હેઠળનાં કામની સંખ્યા | |
| ડી.આઇ. પાઇપ લાઇન | ૭ | ૧ | ૧ | |
| રસ્તા | ૮ | ૪ | ૧૩ | |
| ઇમારત | ૧ | ૨ | ૨ | |
| ડ્રેનેજ | ૮ | ૦ | ૦ | |
| રીટેઇનીંગ વોલ | ૦ | ૦ | ૧ | |
| સ્લેબ કલવર્ટ | ૦ | ૦ | ૩ | |
| સ્ટ્રોમ વોટર | ૧ | ૦ | ૦ | |
| કૂલ | ૨૫ | ૭ | ૨૦ | |

શાખા - .............................................. શાખાધિકારીની સહી-

ઇચા. સીટી એન્જીનીયર (સ્પે.)
(વેસ્ટ ઝોન)
રાજકોટ મહાનગરપાલિકા

રા.મ.ન.પા/રોશની/મ.ઓ./જા. નં. ૨૫૭ તારીખ :૧૪/૦૭/૨૦૨૬

વિષય : તા. ૨૦/૦૭/૨૦૨૬ ના રોજ યોજાનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ

સભ્યશ્રીનું નામ : શ્રી જયરાજસિંહ ગજુભા જાડેજા

વોર્ડ નં. :- ૦૧

| પ્રશ્ન નં. | પેટા પ્રશ્ન નં. (જો હોય તો દર્શાવવો) | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૧૭ | ૦૨ | રાજકોટ મહાનગરપાલીકામાં ભળેલા ઘંટેશ્વર, નાગેશ્વર અને વર્ધમાન વિસ્તારના રોડ-રસ્તા ભુગર્ભ પીવાના પાણી સ્ટ્રીટલાઇટ, વરસાદી પાણીના નિકાલ સહિતની પાયાની સુવિધાઓ માટે આજ દિન સુધી શું આયોજન કરવામા આવ્યુ છે ? મંજુર થયેલા, ચાલુ તથા પુર્ણ થયેલા કામો, બાકી રહેલા કામો, મંજુર થયેલ અંદાજિત ખર્ચ સમયમર્યાદા તથા આગામી વિકાસ આયોજનની વિસ્તારવાર સંપુર્ણ વિગતો આપવામા આવે. | રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૦૧ માં હાલ કુલ ૪૭૭૬ નંગ સ્ટ્રીટલાઇટ પૈકી<br>ઘંટેશ્વર વિસ્તારમાં – ૭૨૬ નંગ<br>નાગેશ્વર વિસ્તારમાં – ૩૯૭ નંગ<br>વર્ધમાનનગર વિસ્તારમાં – ૬૬૦ નંગ<br>-------<br>કુલ ૧૭૮૩ નંગ<br>સ્ટ્રીટલાઇટ સુવિધા આપવામાં આવેલ છે.<br><br>ઉપરોકત વિસ્તારોમાં અલગ અલગ જગ્યાઓએ હાલ ૧૪૧ નંગ સ્ટ્રીટલાઇટ સુવિધા માટે કામો મંજુર થયેલ છે અને પ્રગતિમાં છે. જેનો કુલ અંદાજિત ખર્ચ રૂ. ૭,૫૦,૦૦૦/- જેટલો થાય છે.<br><br>ઉપરોકત વિસ્તારોમાં સ્ટ્રીટલાઇટ સુવિધા માટે ચાલુ વર્ષમાં આગામી આયોજન નીચે મુજબ છે :<br>**સેન્ટર એલ.ઇ.ડી લાઇટીંગનુ આયોજન**<br>(૧) નવી કોર્ટ બિલ્ડીંગ વાળો રોડ - ૭૫૦ મીટર<br>(૨) બાપા સિતારામ ચોકથી ગ્રીન લીફ રીસોર્ટ સુધીનો રોડ – ૭૦૦ મીટર<br>(૩) નાગેશ્વર મેઇન રોડ – ૭૩૧ મીટર<br>ઉકત ત્રણેય રોડ પર અંદાજીત રૂ. ૫૫,૦૦,૦૦૦/- ના ખર્ચે સેન્ટર એલ.ઇ.ડી લાઇટીંગનુ આયોજન છે. તેમજ<br>અલગ અલગ વિસ્તારોમા જરૂરી સર્વે કરી અંદાજિત ૧૦૦ નંગ સ્ટ્રીટલાઇટ સુવિધા માટે કામગીરી હાથ ધરવામાં આવશે. |

શાખા: રોશની

શાખાધિકારીની સહી:

શાખાધિકારીનું નામ:- શ્રી બી.ડી. જીવાણી

હોદ્દો:- ઇ.ચા. એડી. સીટી એન્જીનીયર